# સરદાર સરોવર નર્મદા ડેમ રાષ્ટ્રાર્પણ પછી સાતમી વાર ૧૩૮.૬૮ મીટરની મહત્તમ સપાટીએ પહોંચી

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેવડીયામાં ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે નર્મદા નીરના વધામણા કર્યા






### ૧૦,૪૫૩ ગામો, ૧૯૧ શહેરો તથા ૦૭ મહાનગર પાલિકાઓને એમ કુલ મળીને ગુજરાતની આશરે ૪ કરોડથી વધુ પ્રજાને પીવાનું પાણી પુરું પાડી રહ્યો છે નર્મદા ડેમ

કમલમ્,

ગુજરાતમાં જળક્રાંતિ અને કૃષિક્રાંતિની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે, ૪૫૫ ફુટ પહોંચી છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે લોકમાતા નર્મદાના પાવનજળની આરાધના બુધવારે બપોરે સરદાર સરોવર ડેમ સાઈટ એકતા નગર પહોંચીને જળ પૂજન અને વધામણાંથી કર્યા હતાં. મુખ્યમંત્રીશ્રીએ ૧૦,૪૫૩ ગામો, ૧૯૧ શહેરો તથા ૦૭ મહાનગર પાલિકાઓને એમ કુલ મળીને ગુજરાતની આશરે ૪ કરોડથી વધુ પ્રજાને પીવાનું પાણી પુરું પાડતા આ સરદાર સરોવર નર્મદા ડેમ પ્રોજેક્ટનું જળાશય પૂર્ણ સપાટીએ છલકાતા જળ રાશિનું ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજન કર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૭માં ૧૭મી સપ્ટેમ્બરે સરદાર સરોવર ડેમનું રાષ્ટ્રાર્પણ કર્યું ત્યારપછી આ ડેમ અત્યાર સુધીમાં કુલ ૦૭ વખત - વર્ષ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ તથા ૨૦૨૬માં તેની મહત્તમ સપાટીએ ભરાયો છે.

નર્મદા ડેમની ૧૩૮.૬૮ મીટર (૪૫૫ ફુટ) સપાટીએ કુલ જળ સંગ્રહ ક્ષમતા ૯૪૬૦ મીલીયન ઘન મીટર છે.આ સાથે પ્રધાનમંત્રી તરીકેનું સેવા દાયિત્વ સંભાળ્યાના માત્ર ૧૭ દિવસમાં જ નર્મદા ડેમનું બાકીનું કામ પૂર્ણ કરવા તથા ગેટ બેસાડવાની મંજુરી આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ નર્મદાના નીરના વધામણાં કરતાં કહ્યુ કે, ચાલુ વર્ષમાં સમગ્ર નર્મદા બેસીનમાં આવેલ કુલ પાણીના જથ્થાને ધ્યાને લઈને સામાન્ય વર્ષોમાં ગુજરાતને ફાળવવામાં આવતા ૯ મિલિયન એકર-ફૂટ (MAF) પાણીની સામે હાલમાં આશરે ૭.૯ મિલિયન એકર-ફૂટ (MAF) પાણી ઉપલબ્ધ છે. આ ઉપલબ્ધ અમૂલ્ય જળનો કરકસરપૂર્વક, સમજદારીપૂર્વક અને આયોજનબદ્ધ રીતે ઉપયોગ કરી પાણીના દરેક ટીપાનો મહત્તમ સદુપયોગ કરવો એ આપણી સૌની સામૂહિક જવાબદારી છે તેમ તેમણે ઉમેર્યુ હતું. નોંધનીય છે કે, ચાલુ ચોમાસામાં સુજલામ-સુફલામ અને સૌની યોજના દ્વારા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છને પાણીનું વિતરણ કર્યું છે. સુજલામ સુફલામ યોજનામાં ચાલુ જળ વર્ષ દરમિયાન 201 MCM ( 7118 MCFT) પાણી પૂરુ પાડવામાં આવ્યું છે અને ૧૦૨૮ તળાવો ભરવામાં આવ્યા છે. સૌની યોજનામાં 288 MCM (10189 MCFT) પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને ૧૬૭ તળાવો, ૧૦૧૪ ચેકડેમ અને ૪૫ ડેમ ભરવામાં આવ્યા છે. આમ, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની જરૂરિયાતો અનુસાર તળાવો, ચેકડેમ, બંધો વગેરે ભરવા માટે પાણી વિતરણ કરવામાં આવેલ છે. રાજ્યની અવિરત પ્રગતિના છડીદાર અને ગુજરાતના પાણીઆરા સમાન આ સરદાર સરોવર નર્મદા ડેમના પૂર્ણ સપાટીએ પહોંચેલા જળરાશિના પૂજન-અર્ચનથી જળ શક્તિની વંદના કરવાની પરંપરા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સતત ત્રીજા વર્ષે પણ જળપૂજન કરીને આગળ ધપાવી છે. આ કાર્યક્રમમાં પાણી પૂરવઠા રાજ્યમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ, મુખ્ય સચિવશ્રી એમ.કે.દાસ, મુખ્યમંત્રીના અગ્રસચિવશ્રી સંજીવ કુમાર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અંજનાબેન વસાવા, સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, રાજયસભાના સાંસદશ્રી ડૉ. મુકેશભાઈ રાઠવા, નાંદોદના ધારાસભ્યશ્રી ડૉ.દર્શનાબેન દેશમુખ, પૂર્વ મંત્રીશ્રી શબ્દશરણ તડવી, SSNNLના ચેરમેન અને એમ.ડી. શ્રી મુકેશ પુરી, સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારીશ્રી અમિત અરોરા તથા જિલ્લા વહીવટી તંત્રના વરિષ્ઠ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રીશ્રી-નાયબ મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજી

## સરહદી વિસ્તારોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ-ઘૂસણખોરી-નશીલા પદાર્થોની હેરાફેરી કરવાનારાઓને સ્પષ્ટ સંદેશ આપીએ કે ગુજરાતમાં હવે આવા કૃત્યો ચાલશે નહિઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગુજરાત ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડની ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે તાજેતરમાં સરહદી જિલ્લા ભૂજમાં યોજેલી બેઠકમાં સરહદ રક્ષક દળો, કેન્દ્રીય એજન્સીઓ, રાજ્ય અને જિલ્લા તંત્ર અને નાગરિકો એમ ચાર સ્તંભ આધારિત આ ચતુષ્કોણીય સુરક્ષા ગ્રીડનો ખ્યાલ આપેલો છે. આ સંદર્ભમાં વન બોર્ડર-વન પિક્ચર-વન ચેઈન ઓફ એક્શન અંતર્ગત સરહદી જિલ્લાઓમાં સુરક્ષા વ્યવસ્થા ફ્રેમવર્ક મજબૂત અને સંકલિત બનાવવાની દિશામાં ગાંધીનગરમાં યોજાયેલી બેઠકમાં સામૂહિક મંથન કરવામાં આવ્યુ હતું. ખાસ કરીને ઘૂસણખોરી, નશીલા પદાર્થો, વસ્તી સંતુલન, આર્થિક ગુના સહિતના ૬ મુખ્ય ક્ષેત્રો પર ફોકસ કરીને સરહદી વિસ્તારોમાં થતી આવી



### રોજીંદા કામો અને સરહદી સુરક્ષાને લગતા કામોમાં મોટો ફેર છે. ઉત્સાહી અને ખંતીલા લોકોને જોડીને વિના વિલંબે પરિણામદાયી કામ થાય તે સુનિશ્ચિત કરીએઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

ગતિવિધિઓ પર સતત નિગરાની અને પગલાઓ અંગે બેઠકમાં વિસ્તૃત ચર્ચા હાથ ધરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય એજન્સીઓ અને રાજ્ય પોલીસ તંત્રના સંકલનથી થઈ રહેલા આ પ્રયાસની સરાહના કરી હતી. તેમણે કહ્યું કે, ૩૬૦ ડિગ્રી દેખરેખનો દરેક વિભાગનો એપ્રોચ વધુ સઘન બનાવીને આપણે સરહદી ક્ષેત્રોમાં ગેરકાયદે પ્રવૃત્તિઓ, ઘુસણખોરી, નશીલા પદાર્થોની હેરફેર અને ગેરકાયદે દબાણો કરનારાઓને સ્પષ્ટ સંદેશ આપવો છે કે ગુજરાતમાં હવે આવી પ્રવૃત્તિઓ કે કૃત્યોને ક્યાંય સ્થાન નથી અને આવી પ્રવૃત્તિઓ ચલાવી પણ લેવાશે નહિ. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સંબંધિત વિભાગોએ ક્ષમતાથી પણ ઘણુ સારૂ કાર્ય કર્યુ છે તે માટે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે સરહદી વિસ્તારના સેફટી કન્સર્નને અગ્રતા આપતાં કામોને રોજીંદા કામો કરતાં અલગ પ્રકારના ગણાવતાં આવા કામોને સિસ્ટમના તૌર પર લેવા કરતાં ઉત્સાહી અને ખંતીલા લોકોને જોડીને પરિણામદાયી કામો વિના વિલંબે થાય તે સુનિશ્ચિત કરવા પર ભાર મુક્યો હતો. કેન્દ્રીય અને રાજ્ય સરકારની એજન્સીઝને ઈન્ટીગ્રેટેડ એપ્રોચથી પરસ્પરના સંકલન સાથે કાર્યરત રહેવાનો અનુરોધ કરતાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ દબાણો દૂર કરવાના કામો અટકે નહિ તેની પણ તાકીદ કરી હતી. આ સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ, મુખ્ય સચિવ શ્રી એમ.કે. દાસ તથા સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવો, મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવકુમાર, વિવિધ વિભાગોના અગ્ર સચિવશ્રીઓ અને રાજ્ય પોલીસ દળના ડીજીપી, એડીજીપી તથા રેન્જ આઈ.જી. કક્ષાના અધિકારીઓ અને સરહદી જિલ્લાના કલેક્ટરો, પોલીસ અધિક્ષકો પણ જોડાયા હતા.

# ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપી પ્રીમિયમ ગિફ્ટિંગ માર્કેટ સાથે જોડવાનો નવતર અભિગમ

## ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને 'મધરહૂડ હેમ્પર' કેટલોગ અને GLPC બુકલેટનું ગાંધીનગર ખાતે વિમોચનઃ રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડાની વિશેષ ઉપસ્થિતિ



## સ્વાવલંબન એ માત્ર આવકનું સાધન નહીં, પરંતુ આર્થિક સશક્તીકરણ થકી નારીશક્તિના ગૌરવ અને સન્માનનું પ્રતીકઃ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા

**રાજ્યના ૬ જિલ્લાઓની સખી મંડળની બહેનો દ્વારા રૂ. ૧,૪૯૯ થી રૂ. ૨૫૯૯ નીકિંમતના ૭ વિશિષ્ટ હેમ્પર્સ તૈયાર**

**GLPC ની બુકલેટમાં સખી મંડળની બહેનોની પ્રગતિ-માર્ગદર્શન માટે સંક્ષિપ્ત, સરળ અને ઉપયોગી માહિતી ઉપલબ્ધ**




કમલમ્,

ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપી પ્રીમિયમ ગિફ્ટિંગ માર્કેટ સાથે જોડવાના નવતર અભિગમ થકી ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષસ્થાને અને રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહિડાની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે રાજયના વિવિધ જિલ્લાઓના સ્વસહાય જૂથો (SHGs)ની સખી બહેનો દ્વારા નિર્મિત પ્રીમિયમ ઉત્પાદનોને આવરી લેતા ''મધરહૂડ હેમ્પર'' કેટલોગનું લોન્ચિંગ તેમજ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. (GLPC) ની વિવિધ કલ્યાણકારી યોજનાઓની ઉપયોગી માહિતી પૂરી પાડતી વિશેષ બુકલેટ 'સશક્ત નારી, સમૃદ્ધ સમાજ'નું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય માતૃત્વની ઉજવણી સાથે પરંપરાગત ગુજરાતી હસ્તકલા અને સ્થાનિક ઉત્પાદનોને પ્રોત્સાહન આપી ગ્રામીણ મહિલા ઉદ્યોગસાહસિકોને એક સુસજ્જ અને વ્યવસ્થિત માર્કેટિંગ પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. તેમણે કહ્યું હતું કે, સ્વાવલંબન એ માત્ર આવકનુ સાધન નહીં, પરંતુ આર્થિક સશક્તીકરણ દ્વારા નારીશક્તિના ગૌરવ અને સન્માનનું પ્રતીક છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ થકી આજે ગ્રામીણ મહિલાઓ આત્મનિર્ભર બનીને 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરી રહી છે. મંત્રી શ્રી બાવળીયાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, 'મધરહૂડ હેમ્પર' કેટલોગમાં રાજ્યના ૬ જિલ્લાઓ—જૂનાગઢ, જામનગર, ગાંધીનગર, ભાવનગર, કચ્છ અને સુરતના સખી મંડળો દ્વારા કાળજીપૂર્વક તૈયાર કરાયેલા ૭ વિશિષ્ટ હેમ્પર્સનો સમાવેશ થાય છે. આ ક્યુરેટેડ હેમ્પર્સમાં માતા અને નવજાત શિશુ માટે ઉત્તમ બેબી-કેર સેટ, સ્વેડલ રેપ્સ, ક્વિલ્ટસ, અજરખ અને બાંધણી વસ્ત્રો, હસ્તનિર્મિત પાઉચ, મીનાકારી પ્રોડક્ટ્સ, છર ગીર ગાયનું ઘી, ડ્રાય ફ્રૂટ્સ, પૌષ્ટિક પ્રોટીન/મિલેટ લાડુ, હર્બલ અને સેલ્ફ-કેર પ્રોડક્ટ્સ જેવી વૈવિધ્યસભર વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેની કિંમત રૂ. ૧,૪૯૯ થી રૂ. ૨,૫૯૯ વચ્ચે રાખવામાં આવી છે. આ ઉપરાંત, ગ્રાહકોની જરૂરિયાત મુજબ હેમ્પરમાં કસ્ટમાઈઝેશન કરવાની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે.

GLPC દ્વારા તૈયાર કરવામાં આવેલી વિશેષ માર્ગદર્શિકા પુસ્તિકાનું વિમોચન કરતાં મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ કહ્યું હતું કે, GLPC એ રાજ્યના ગ્રામીણ વિકાસ અને મહિલા સશક્તીકરણની દિશામાં કાર્યરત એક મહત્વપૂર્ણ એકમ છે. GLPC દ્વારા તૈયાર કરવામાં આવેલ આ પુસ્તિકામાં વિવિધ સંસ્થાગત યોજનાઓ, કૌશલ્ય તાલીમ, નાણાકીય સહાય, સરસ મેળા, પ્રાકૃતિક ખેતી, ગ્રામ હાટ, પ્રદર્શન મેળાઓ તેમજ ઈ-કોમર્સ પ્લેટફોર્મના ઉપયોગ અંગેની સંક્ષિપ્ત, સરળ અને ઉપયોગી માહિતી રજૂ કરવામાં આવી છે. આ પુસ્તિકા સખી મંડળની બહેનો, પંચાયતના પ્રતિનિધિઓ અને બેંકિંગ એજન્સીઓ તેમજ નાગરિકો માટે ખૂબ જ ઉપયોગી માર્ગદર્શક પૂરવાર થશે, તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં GLPC ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રશસ્તી પરીખે શાબ્દિક સ્વાગત કરીને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે ગાંધીનગર તાલુકાના શાહપુર ગામની લાભાર્થી શ્રી કૈલાશબેન સોલંકીએ જણાવ્યું હતું કે, અમારા 'બહુચર મિશન મંગલમ' સખી મંડળમાં અન્ય ૪ બહેનો પણ સક્રિય રીતે કામ કરી રહી છે. અમે ઘરે બેઠા જ સ્કૂલ બેગ, મોબાઈલ કવર અને ટિફિન કવર બનાવવાનું કામ કરીએ છીએ, જેના થકી દર મહિને અંદાજે રૂ. ૨૫ હજાર જેટલી આવક મળી રહી છે. આ આજીવિકા મળવાથી મારો આત્મવિશ્વાસ ખૂબ વધ્યો છે અને અમે આર્થિક રીતે સંપૂર્ણ આત્મનિર્ભર બન્યા છીએ. આ પ્રસંગે GLPC ના સંયુકત મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાજશ્રી કુશવાહ અને શ્રી શોભના વર્મા સહિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ, GLPC ના પ્રતિનિધિઓ અને સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

# માણસાના શ્રી રામજી મંદિર ખાતેથી 'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ કર્યું શ્રમદાન

## માણસાની ઐતિહાસિક વાવની મુલાકાત લઈ સ્વચ્છતા જાળવવા અધિકારીઓને આપી સૂચના






### "ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોની પવિત્રતા અને સ્વચ્છતા જાળવવી સૌની નૈતિક ફરજ"નો સંદેશ આપતા મંત્રી શ્રી વાઘાણી

કમલમ્, ગાંધીનગર

'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત રાજ્યના કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ માણસા ખાતે સ્વચ્છતા ઝુંબેશમાં શ્રમદાન કરી સક્રિય ભાગીદારી નોંધાવી હતી. માણસાના રાણીયાપુરા વિસ્તારમાં આવેલા ઐતિહાસિક શ્રી રામજી મંદિર ખાતે આરતીમાં સહભાગી બની, પરિસરમાં આયોજિત સ્વચ્છતા ઝુંબેશમાં કૃષિ મંત્રીશ્રીએ પોતે શ્રમદાન કરીને સમાજને "સ્વચ્છતા એ જ સેવા"નો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. રામજી મંદિર ખાતે શ્રમદાન કર્યા બાદ, મંત્રીશ્રીએ માણસા ખાતે આવેલી પ્રાચીન વાવની મુલાકાત લીધી હતી. વાવની મુલાકાત દરમિયાન તેમણે તેની સ્થાપત્ય સમૃદ્ધિ અને વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી હતી.

મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ ઉપસ્થિત સંબંધિત વિભાગના અધિકારીઓને વાવ અને તેની આસપાસના વિસ્તારમાં નિયમિત સ્વચ્છતા જાળવવા તેમજ આ ઐતિહાસિક વારસાનું જતન સુનિશ્ચિત કરવા માટે કડક સૂચનાઓ આપી હતી.

આ પ્રસંગે વાતચીત કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, "જનભાગીદારી દ્વારા જ સ્વચ્છતા અભિયાનને સાચા અર્થમાં સફળ બનાવી શકાય છે. આપણા ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોની પવિત્રતા અને સ્વચ્છતા જાળવવી એ આપણા સૌની નૈતિક ફરજ છે.

મંદિર પરિસરમાં યોજાયેલી આ ઝુંબેશમાં માણસાના ધારાસભ્યશ્રી જે. એસ. પટેલ, નગરપાલિકા પ્રમુખશ્રી જ્યોત્સનાબેન વાઘેલા, ઉપપ્રમુખશ્રી બાબુભાઈ ઠાકોર, ચીફ ઓફિસર શ્રી રવિકાંત પટેલ, કારોબારી ચેરમેનશ્રી દિનેશભાઈ પટેલ તથા સ્થાનિક નાગરિકો અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028